PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/કવા–૦૩/૧૭–૧૮/ /74 તા. 3-1-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દુર્લભજીભાઈ ડાયાભાઈ તલસાણીયા,
૫૪ – જગદીશ પાર્ક,
તાલાલા – ગીર
જી: જુનાગઢ
મો: ૯૮૨૫૨ ૬૫૪૨૬, ૯૯૦૯૭ ૩૮૫૧૧

વિષય :–વીજબીલ ચાલુ કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૦/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૦/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૯–૧૨–૧૭ સ્થળ : જુનાગઢ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: દુર્લભજીભાઈ ડાયાભાઈ તલસાણીયા, ગામ: તાલાલા

રજુઆત કરનાર: અરજદાર શ્રી દુર્લભજીભાઈ ડાયાભાઈ તલસાણીયા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – વિભાગીય કચેરી વેરાવળ

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ ચાલુ કરવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અન્ને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ તાલાલા ગામે વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૩૨૩૫/૪ (૦૩ કીવો) ધરાવે છે. છેલ્લા ૨૨ માસ થી તેઓને વીજબીલ આપવામા આવતુ નથી. આ બાબતે તેઓએ વારંવાર પેટા વિભાગીય કચેરી મા મૌખીક તેમજ લેખીત રજુઆતો કરેલ હતી. તેમજ છતા – આજદિન સુધી તેઓની ફરીયાદ નો નિકાલ કરવામા આવેલ નથી. તેમનુ છેલ્લુ બીલ તા.૧૦–૧૨–૧૫ ના રોજ આવેલ હતુ. તેઓએ બધાજ બીલ નિયમાધીન રીતે ભરપાઈ કરેલ હતા. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર તેઓના તાલાલા ગામે વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૩૨૩૫/૪ (૦૩ કીવો) ધરાવે છે. જેઓને વીજબીલ ન મળવાની ફરીયાદ અંગેની હકીકત મુજબ – તેઓની સદર જગ્યામા – તેઓની સદર જગ્યામા – બે વીજ જોડાણ –(૧) વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૩૨૩૫/૪ (૦૩ કીવો) થ્રી ફેઈઝ અને (૨) સીગલ ફેઈઝ વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૪૩૦૦/૩ (૦.૫ કીવો) દુર્લભજીભાઈ ડાયાભાઈ તલસાણીયા ના નામે ધરાવતા હતા. |
| ૨.૨ | તા.૧૭–૧૨–૧૫ ના રોજ સીગલ ફેઈઝ વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૪૩૦૦/૩ (૦.૫ કીવો) પીડીસી કરાતા – જેનુ મીટર સીરીયલનં: પીજીએસટી–૦૦૧૩૮૯૭૧ ગેટપાસ મુજબ – સદર મીટર ઉતારવામા આવેલ. પરંતુ, પીજીવીસીએલ બીલીંગ સીસ્ટમમા ભુલ થી સદર અરજદાર નુ બીજુ વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૩૨૩૫/૪ (૦૩ કીવો) થ્રી ફેઈઝ ને પણ પીડીસી કરાતા – સદર અરજદાર ને પીજીવીસીએલ દ્વારા વીજબીલ મળેલ નથી. જે હકીકત છે. સદર બાબત વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૩૨૩૫/૪ (૦૩ કીવો) – થ્રી ફેઈઝ ફરીથી બીલીંગ સીસ્ટમ મા નિયમીત કરી આપેલ છે. અને બીલ હવેથી સદર અરજદાર નેનિયમીત મળશે – તેમ જણાવેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **<u>૩.૧</u>** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર તેઓના તાલાલા ગામે વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૩૨૩૫/૪ (૦૩ કીવો) ધરાવે છે. જેઓને વીજબીલ ન મળવાની ફરીયાદ અંગેની હકીકત મુજબ – તેઓની સદર જગ્યામા – તેઓની સદર જગ્યામા – બે વીજ જોડાણ –(૧) વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૩૨૩૫/૪ (૦૩ કીવો) થ્રી ફેઈઝ અને (૨) સીગલ ફેઈઝ વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦૪૩૦૦/૩ (૦.૫ કીવો) દુર્લભજીભાઈ ડાયાભાઈ તલસાણીયા ના નામે ધરાવતા હતા. ત્યારબાદ, સીગલ ફેઈઝ વાણીજય જોડાણ નુ પીડીસી કરાતા ભુલ થી અરજદાર નુ બીજુ વાણીજય જોડાણ નં.: ૮૧૪૦૧/૦ ૩૨૩૫/૪ (૦૩ કીવો) ને પણ પીડીસી બીલીગ સીસ્ટમ મા કરી નાખેલ– આમ, અરજદાર ને પોતાના હૈયાત થ્રી ફે ઈઝ વીજ જોડાણ નો વીજવપરાશ ચાલુ હોવા છતા – તેમજ અરજદાર ની વારંવાર ની રજુઆત હોવા છતા– અરજદાર ને વીજબીલ આપવામા આવેલ નથી – જે ખુબજ ગંભીર બાબત છે. |
| **<u>૩.૨</u>** | ઉપરોકત મુદદા નં.૩.૧ મુજબ ની વિગતો અન્વયે – પીજીવીસીએલ દ્વારા ભુલ થી થ્રી ફેઈઝ વીજ જોડાણ ને બીલીગ સીસ્ટમ મા તા.૧૭–૧૨–૧૫ ના રોજ પીડીસી કરી નાખેલ – જે ફરીથી બીલીગ સીસ્ટમ મા નિયમીત કરી આપેલ છે. અને તે મુજબ – અરજદાર ને તેના વીજવપરાશ મુજબ નુ બીલ રૂબરૂ પાઠવેલ છે. તેમજ પીજીવીસીએલ દ્વારા જણાવેલ કે અરજદાર ને હવેથી નિયમીત બીલ મળે તે મુજબ ની વ્યવસ્થા કરાયેલ છે. તે મુજબ ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

~~ગેરહાજર~~

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક).**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**<u>નોંધ</u>** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.